# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**દેશની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીનો શંખનાદ | ‘No Duplication and No Omission’ના મંત્ર સાથે પ્રક્રિયા હાથ ધરાશે**

# ચરોતરના નાગરિકો ઘરે બેઠા ‘સ્વ-ગણતરી’ કરી શકશે

**આણંદમાં 15** મિનિટમાં મોબાઈલથી જ નોંધણી કરી શકાશે

**પહેલી જૂનથી** 3184 ગણતરીદારોની ફોજ મેદાનમાં ઉતરશે

(પ્રતિનિધિ) આણંદ તા.14

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આગામી ‘જનગણના 2027’ના પ્રથમ તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે આણંદ જિલ્લામાં 17મી મેથી ભારતની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હેઠળ ‘સ્વ-ગણતરી’ પોર્ટલનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.




માહિતી આપતા આણંદ કલેક્ટર અને મુખ્ય જિલ્લા વસ્તી ગણતરી અધિકારી પ્રવીણ ચૌધરી

આ ઐતિહાસિક પ્રક્રિયા અંગે માહિતી આપતા આણંદ કલેક્ટર અને મુખ્ય જિલ્લા વસ્તી ગણતરી અધિકારી પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ આધુનિક પદ્ધતિથી નાગરિકોના સમય અને મહેનતની બચત થશે. 17મી મેથી 31મી મે સુધી ઓનલાઈન પોર્ટલ ખુલ્લું રહેશે. વધુમાં કલેક્ટરના જણાવ્યા અનુસાર, ગુજરાત રાજ્યમાં 17મી મેથી 31મી મે, 2026 સુધી નાગરિકો પોર્ટલ પર જાતે જ વિગતો ભરી શકશે. બાદમાં 1લી જૂનથી 30મી જૂન સુધી ગણતરીદારો ઘરે-ઘરે જઈને બાકી રહેલી વિગતોની ચકાસણી અને નોંધણી કરશે.




આણંદ જિલ્લામાં આ કામગીરી માટે કુલ 3184 ગણતરીદારો અને 488 સુપરવાઈઝરોની નિમણૂક કરવામાં આવી છે.

આ ડિજિટલ ગણતરી સંપૂર્ણપણે સુરક્ષિત અને સરળ છે. નાગરિકો ગણતરીદાર ઘરે આવે તે પહેલાં જ પોતાના પરિવારની વિગતો ઓનલાઈન નોંધી શકશે. આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે માત્ર 15થી 20 મિનિટનો સમય લાગશે. આ માટે નાગરિકોએ સત્તાવાર પોર્ટલ https://se.census.gov.in પર જઈને નોંધણી કરવાની રહેશે.

### ખાસ નોંધવા જેવી બાબતો

- **નોંધણીની લિંક :** https://se.census.gov.in
- **સમયગાળો :** 17મી મે થી 31મી મે, 2026 (સ્વ-ગણતરી માટે)
- **સેલ્ફ ન્યુમરેશન આઈડી :** સફળ સબમિશન બાદ 11 અંકનો ‘SE ID’ (H થી શરૂ થતો) જનરેટ થશે, જે સાચવી રાખવો જરૂરી છે.
- **હેલ્પલાઇન નંબર:** વસ્તી ગણતરી અંગે વધુ સહાય માટે નાગરિકો 1855 પર સંપર્ક કરી શકે છે.
- **સૂત્ર:** No Duplication and No Omission” (કોઈ બાકી ન રહી જાય અને પુનરાવર્તન ન થાય)

### નકશામાં ઘરનું લોકેશન બતાવવું પડશે

ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નાગરિકોએ પોતાના રહેણાંકની વિગતો સાથે નકશામાં ઘરનું ચોક્કસ લોકેશન લાલ માર્કર દ્વારા દર્શાવવાનું રહેશે. ફાઈનલ સબમિટ કર્યા પછી મળેલા 11 અંકનો SE ID ગણતરીદારની રૂબરૂ મુલાકાત વખતે બતાવવાનો રહેશે, જેથી માહિતી સીધી માન્ય ગણાશે. કલેક્ટરે ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કુટુંબના મુખ્ય વ્યક્તિનું નામ એકવાર દાખલ કર્યા બાદ તેમાં ફેરફાર થઈ શકશે નહીં, તેથી વિગતો ચોકસાઈપૂર્વક ભરવી અનિવાર્ય છે. આ સમગ્ર આયોજન માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે અને નાગરિકોને આ દેશહિતની કામગીરીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

---

**નડિયાદ શહેરના રહેણાંક વિસ્તારમાં અફરાતફરી અને કાળઝાળ ગરમી વચ્ચે લોકો બેહાલ**

# નડિયાદમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

**શહેરના પૂર્વ** વિસ્તારના અડધા ભાગમાં વીજ પુરવઠો ખોરવાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

નડિયાદના મરીડા ભાગોળથી કબ્રસ્તાન ચોકડી વચ્ચેના માર્ગ પર આવેલા એક ભંગારના ગોડાઉનમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા હતા અને જોતજોતામાં આસપાસના અન્ય ગોડાઉનો પણ તેની લપેટમાં આવી ગયા હતા. જોકે, નડિયાદ, આણંદ-વિદ્યાનગરની ફાયર ટીમોએ 3 કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી.



નડિયાદમાં જે ગોડાઉનમાં આગ લાગી હતી તેની બિલકુલ ઉપરથી વીજ કંપનીની મેઈન લાઈન પસાર થતી હોવાથી મોટી હોનારત સર્જાવાની ભીતિ હતી. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા નડિયાદના પૂર્વ વિસ્તારનો અંદાજે 50% જેટલો વીજ પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં વીજળી ગુલ થતા રહીશોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડના 5 વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જોકે, ભંગારના જથ્થાને કારણે આગ વારંવાર ફરી સળગી ઉઠતી હોવાથી કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારના અનેક ગોડાઉનો ફાયર સેફ્ટીના સાધનો વગર ધમધમી રહ્યા છે. અગાઉ પણ ઘટનાઓ બની હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં ન આવતા રોષ જોવા મળી રહ્યો છે. આ આગને પગલે સાવચેતીના ભાગરૂપે બંધ કરાયેલો વીજ પુરવઠો મોડી સાંજ સુધી શરૂ ન કરાતા રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા



### સહાયની ખાતરી અને તપાસના આદેશ

નડિયાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર અને મામલતદારે નુકસાનીના સર્વે માટે આદેશ આપ્યા છે. ચીફ રેવન્યુ ઓફિસરના રિપોર્ટ બાદ સીએમ રિલીફ ફંડમાંથી આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. બીજી તરફ, નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર કિરણ ઝવેરી અગાઉ જીએસટી વિભાગમાં રહી ચૂક્યા હોવાથી, ગોડાઉનના સ્ટોક અને જીએસટીના આર્થિક પાસાઓ પર કડક તપાસ થાય તેવી શક્યતા છે.

---

### મહિસાગરમાં ઈંધણની કટોકટી : વાહનચાલકોની લાઇન લાગી



મહિસાગર જિલ્લાના મલેકપુર અને ખાનપુર પંથકમાં પેટ્રોલની ભારે અછત સર્જાતા વાહનચાલકો કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. હાલ પંથકમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે, બીજી તરફ કાળઝાળ ગરમી વચ્ચે ત્રણ પૈકી બે પંપો પર ‘નો સ્ટોક’ના બોર્ડ વાગતા ખેડૂતો અને નોકરીયાત વર્ગની હાલત કફોડી થઈ છે. પુરવઠા વિભાગની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, પેટ્રોલ માટે વાહનચાલકોને આમ-તેમ ભટકવું પડી રહ્યું છે. પંથકમાં માત્ર એક જ પંપ કાર્યરત હોવાથી સામાન્ય જનજીવન ખોરવાયું છે, છતાં તંત્ર દ્વારા સમસ્યાના ઉકેલ માટે કોઈ નક્કર પગલાં લેવાયા નથી. **તસવીર : ગીરીશ પંચાલ**

---

**આણંદ પાસે નેશનલ હાઈવેના અડાસ બ્રિજ પર અકસ્માત**

# આણંદમાં કાર ટક્કરે બાઈક સવાર યુવકનું કરુણ મોત

**પૂરપાટ ઝડપે** આવતી કારના ચાલકે બાઈકને પાછળથી ઠોકર મારી ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ-વડોદરા નેશનલ હાઈવે નંબર 48 પર અડાસ બ્રીજ પાસે સાંજે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં વડોદરાના 35 વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં રહેતા અને લોન્ડ્રીનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવતા હિતેશભાઈ રાજુભાઈ શિંદે પોતાની બાઈક પર આણંદથી વડોદરા તરફ જઈ રહ્યા હતા. સાંજના આશરે પોણા પાંચ વાગ્યે અડાસ બ્રીજ ઉતરીને ભારત પેટ્રોલ પંપ પાસે પહોંચતા જ પાછળથી આવતી ક્રેટા કાર (નંબર જીજે-23-સીએચ-9188)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં હિતેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. અકસ્માત બાદ કાર ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. વાસદ પોલીસે મૃતકના ભાઈ જીતુભાઈ શિંદેની ફરિયાદના આધારે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**ઉમરેઠ કોંગ્રેસમાં ભડકો | વિધાનસભાની પેટાચૂંટણીમાં હાર બાદ ‘ભીતરના ઘા’ સપાટી પર આવ્યા**

# ઉમરેઠ પેટા ચૂંટણીમાં કોંગ્રેસની હારમાં પક્ષવિરોધી પ્રવૃત્તિના ગંભીર આક્ષેપો

**ભૃગુરાજસિંહ** ચૌહાણે પ્રદેશ પ્રમુખ સમક્ષ ગોપાલ ચાવડા અને કપિલાબેનને સસ્પેન્ડ કરવાની માંગ કરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.14

ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસના પરાજય બાદ પક્ષમાં મોટો બળવો ફાટી નીકળ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાને સનસનીખેજ પત્ર લખીને પક્ષના જ જવાબદાર હોદ્દેદારો સામે ભાજપ સાથે સાંઠગાંઠ હોવાનો અને ચૂંટણી ફંડમાં ગેરરીતિ આચરી હોવાનો લેખિત આક્ષેપ કર્યો છે.

ઉમરેઠ કોંગ્રેસના દિગ્ગજ નેતા ભૃગુરાજસિંહ ચૌહાણે પત્રમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, સુરેલી જિલ્લા પંચાયત બેઠકના પ્રભારી ગોપાલભાઈ ચાવડાએ વિધાનસભાના ઉમેદવાર તરફથી બૂથ દીઠ ફાળવવામાં આવેલી રકમનો ગેરવહીવટ કર્યો છે. આ રકમ તાલુકા અને જિલ્લાના ઉમેદવારો સુધી યોગ્ય રીતે પહોંચાડવામાં ન આવતા પક્ષના પ્રદર્શન પર તેની માઠી અસર પડી હતી અને ઉમેદવારોને અન્યાય થયો હતો.

આ રિપોર્ટ અનુસાર, ગોપાલભાઈ ચાવડા અને કપિલાબેને પોતાના પુત્ર ઋતુરાજ ચાવડાને ધુલેટા બેઠક પરથી તાલુકા પંચાયતમાં જીતાડવા માટે પક્ષના હિતોનું બલિદાન આપ્યું હોવાનો આક્ષેપ છે. આરોપ છે કે તેઓએ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર સાથે સાંઠગાંઠ કરીને તેમને મદદ કરી હતી, જેથી બદલામાં તેમના પુત્રની જીત નિશ્ચિત કરી શકાય. આ પ્રભારીઓએ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને મદદ કરવાને બદલે માત્ર પોતાના પુત્રના પ્રચારમાં જ રસ દાખવ્યો હોવાની ફરિયાદ તાલુકા પંચાયતના અન્ય ઉમેદવારોએ પણ કરી છે.

આ પત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ગોપાલભાઈ ચાવડા વ્યવસાયે કોન્ટ્રાક્ટર હોવાથી પોતાના કોન્ટ્રાક્ટના કામો માટે ભૂતકાળમાં પણ અમુલ ડેરી, વિધાનસભા અને લોકસભા જેવી ચૂંટણીઓમાં વિરોધી પક્ષના ઉમેદવારો સાથે પૈસાની લેવડદેવડ અને સાંઠગાંઠ કરી પક્ષને ભયંકર નુકસાન પહોંચાડ્યું છે. આ પક્ષવિરોધી પ્રવૃત્તિઓને કારણે સ્થાનિક કાર્યકરો અને ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભૃગુરાજસિંહ ચૌહાણે પક્ષના શિર્ષસ્થ નેતૃત્વને આગ્રહભરી વિનંતી કરી છે કે કપિલાબેન અને ગોપાલભાઈ ચાવડાને તાત્કાલિક અસરથી કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે પ્રદેશ નેતૃત્વ આ આંતરિક જૂથવાદ અને ગંભીર આક્ષેપો સામે કેવા પગલાં ભરે છે.

---

# લુણાવાડામાં બેંક મનેજરે 12.65 લાખનું નકલી સોનાનું પધરાવ્યું

**મુથુટ ફિન્કોપના** મેનેજર અને ગ્રાહક વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.14

મહીસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત એક ખાનગી ગોલ્ડ લોન બેંકમાં નકલી સોનું મૂકીને લાખો રૂપિયાની છેતરપિંડી કરવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ કિસ્સામાં બેંક મેનેજર ધવલ કડીયા અને અન્ય એક શખ્સ મહેશકુમાર વાળંદ વિરુદ્ધ કુલ 12.65 લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ લુણાવાડા પોલીસ મથકે નોંધાવી છે.

વડોદરાની ‘રામદેવ ગોલ્ડ બાયર’ એજન્સીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા બંન્ટીસિંહ રાજપુતે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી મહેશકુમારે એજન્સીને ફોન કરીને જણાવ્યું હતું કે લુણાવાડાની મુથુટ ફિન્કોપ બેંકમાં તેમનું સાડા બાર તોલા સોનું ગીરો મુકેલ છે, જે છોડાવવા માટે તેમને નાણાંની જરૂર છે. એજન્સીએ બેંક મેનેજરનો સંપર્ક કર્યા બાદ વિશ્વાસમાં આવીને મહેશકુમારના ખાતામાં ચુકવણી પેટે 12.65 લાખ રૂપિયા ટ્રાન્સ્ફર કર્યા હતા. જોકે, ફરિયાદી સોનું છોડાવવા બેંક પહોંચ્યા અને દાગીનાની તપાસ કરી ત્યારે સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. બેંકમાં મુકાયેલું સોનું ડુપ્લીકેટ (ખોટું) હોવાનું માલૂમ પડ્યું હતું. જેની તપાસમાં બહાર આવ્યું છે કે, બેંક મેનેજર ધવલભાઈ કડીયાએ સોનું ખોટું હોવા છતાં અગાઉ તેના પર લોન આપી હતી અને બાદમાં ફરિયાદીને સોનું સાચું હોવાનું જણાવી છેતરપિંડી કરવામાં ગ્રાહકનો સાથ આપ્યો હતો. હાલ લુણાવાડા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

---

# કેડીસીસી બેંકના ચેરમેન તેજસ પટેલનું આંતરરાષ્ટ્રીય સન્માન કરાયું

**ડિજિટલ બેંકિંગમાં** ક્રાંતિ અને રૂ.પાંચ હજાર કરોડના ઐતિહાસિક બિઝનેસ બદલ ‘ઇન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ’ થી નવાજાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

સહકારી ક્ષેત્રમાં પોતાના અદ્વિતીય યોગદાન અને નવતર પ્રયોગો દ્વારા વૈશ્વિક સ્તરે ડંકો વગાડતા ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન તેજસ પટેલનું આંતરરાષ્ટ્રીય સ્તરે બહુમાન કરવામાં આવ્યું છે. થાઈલેન્ડ ખાતે ઈકોનોમિક ગ્રોથ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ સમિટમાં તેમને સહકારી બેંકિંગ અને સમુદાય વિકાસમાં અસાધારણ યોગદાન બદલ ‘ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ’, ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એનાયત કરવામાં આવ્યું છે.



નડિયાદ સ્થિત કેડીસીસી બેંકના ચેરમેન તેજસ પટેલના નેતૃત્વ હેઠળ બેંક આધુનિક ડિજિટલ બેંકિંગ સેવાઓમાં અગ્રેસર બની છે. બેંક દ્વારા ગ્રાહકોની સુવિધા માટે વોટ્સએપ બેંકિંગ, ટેબ્લેટ બેંકિંગ, ક્યુઆર કોડ પેમેન્ટસ, AEPS અને નેટ બેંકિંગ જેવી આધુનિક સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, અદ્યતન દસ્તાવેજ વ્યવસ્થાપન સિસ્ટમ અને સ્ટેટ ઓફ ધી આર્ટ બેંક લોન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા બેંકિંગ પ્રક્રિયાને વધુ ઝડપી અને પારદર્શક બનાવવામાં આવી છે.

તેમના માર્ગદર્શન હેઠળ નાણાકીય વર્ષ 2025-26માં બેંકનો કુલ બિઝનેસ રૂ. પાંચ હજાર કરોડને પાર કરી ગયો છે, જે એક નવો ઈતિહાસ છે. તેજસ પટેલે બેંકનું નામ ‘કૈરા’ માંથી બદલીને ‘ખેડા’ કરીને સ્થાનિક વારસા અને ઐતિહાસિક ઓળખને પુનઃસ્થાપિત કરવાનું પ્રશંસનીય કાર્ય પણ કર્યું છે. બેંકમાં નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPAs) ઘટાડવા અને સ્વ-રોજગાર દ્વારા રોજગાર સર્જનમાં પણ તેમણે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેડીસીસી બેંકની ઉત્કૃષ્ટ કામગીરીના પગલે અગાઉ પણ એવોર્ડ એનાયત કરાયાં છે.

### ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ ઉત્થાનની પહેલ

સહકારી મંડળીઓને મજબૂત કરવા માટે તેમણે એફપીઓ (FPO) ડેવલપમેન્ટ, સોલરાઇઝેશન માટે ફાયનાન્સની સુવિધા અને માઇક્રો એટીએમ જેવી સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડી છે. ઇકોનોમિક ગ્રોથ ફાઉન્ડેશન દ્વારા તેમની જાહેર સેવા, પારદર્શક શાસન અને ભવિષ્યલક્ષી નવીનતા પ્રત્યેના સમર્પણની વિશેષ નોંધ લેવામાં આવી છે. તેમના આ કાર્યોને કારણે ગુજરાતનું સહકારી બેંકિંગ મોડેલ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**